# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે રાષ્ટ્રીય વનસ્પતિ આનુવંશિક સંસાધન બ્યુરોના ક્ષેત્રીય મથક, થ્રીસુરના વૈજ્ઞાનિકશ્રીઓની ભીંડાના અખતરાના મોનીટરીંગ અર્થે મુલાકાત

મધ્ય ગુજરાતમાં શાકભાજી પાકોની સંશોધન કામગીરી માટે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદમાં મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર કાર્યરત છે, જેમાં રીંગણ, ટામેટા, મરચાં, ભીંડા, કાકડી, કઠોળ, પાંદડાવાળા શાકભાજી વગેરે જેવા વિવિધ શાકભાજીના પાકોમાં બહુવિધ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. ભીંડા એ શાકભાજીનો ચોમાસુ તેમજ ઉનાળુ ઋતુમાં થતો અગત્યનો પાક છે. આ પાકમાં જોવા મળતા પીળી નસ (વાયવીએમવી) અને એનેશન પાન કોકડવાના રોગની (ઈએલસીવી) ચકાસણી માટે એનબીપીજીઆર દ્વારા યોજના કાર્યરત કરવામાં આવેલ. તે અંતર્ગત ડૉ. સુમા એ., વૈજ્ઞાનિકશ્રી, અને ડૉ. પી. પી. થીરૂમલાઈસામી, વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી, રાષ્ટ્રીય વનસ્પતિ આનુવંશિક સંસાધન બ્યુરો, ક્ષેત્રીય મથક, થ્રીસુર થી મોનીટરીંગ અર્થે આવેલ. સૌપ્રથમ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડાઁ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી) દ્વારા વૈજ્ઞાનિકશ્રીઓનું સ્વાગત કરેલ તેમજ બધા અધિકારી જોડે મુલાકાત કરાવેલ. ડૉ. એન. એ. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, દ્વારા કેન્દ્ર ખાતે ચાલતી સંશોધની વિવિધ પ્રવૃતિઓ વિષે જાણકારી આપેલ. ડાઁ. એમ. એમ. પંડયા દ્વારા અત્રે લેવામાં આવેલ ભીંડા પાકમાં રોગપ્રતિકારકશક્તિ ધરાવતી જાતોનું મૂલ્યાંકના અખતરાની માહિતી આપેલ. આ મુલાકાત દરમ્યાન ડૉ. આર. જી. પરમાર, સહ પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, શ્રી કે. જે. વેકરીયા, વરિષ્ઠ સંશોધન મદદનીશ, ડૉ. સી. કે. બોરડ, સહ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. પાર્થસિંહ રાહેવર, રીસર્ચ એસોસીએટ અને ડૉ. ઉજ્જવલ પટેલ, સીનિયર રીસર્ચ ફેલો વગેરે દ્વારા વિચાર - વિમશ કરેલ.





